પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક
www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com
Panchmahal Samachar Daily News

RNI NO:- 67073/97
વર્ષઃ૨૪, અંકઃ૨૮૨, કુલ પાનાઃ૪, તારીખઃ ૨૩-૦૭-૨૦૨૧ શુક્રવાર, કિંમત રૂ.૧.૫૦/-,VOLUME/YEAR : 24, ISSUE : 282 PRICE :-RS. 1.50 DATE : 23-07-2021
EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)
Whatsapp No.9712880678
PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)

પંચમહાલ સમાચાર ઈ-પેપર જોવા વોટ્સએપ પર નામ લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### છેલ્લા ૨૪ કલાકમાં ૪૧ હજારથી વધુ કોરોના પોઝિટિવ કેસ નોંધાયા

# ભારતમાં ત્રીજી લહેરના ભણકારાઃ ૧૩ રાજ્યોમાં ખતરાની ઘંટડી

ન્યુ દિલ્હી,

ભારતમાં પાછલા ૨૪ કલાકમાં કોરોનાના ગઈકાલે નોંધાયેલા કેસ કરતા સામાન્ય ઘટાડો નોંધાયો છે. જયારે મૃત્યુઆંક ઘટીને ફરી એકવાર ૫૦૦ની નજીક પહોંચી ગયા છે. ગઈકાલે દેશમાં કોરોનાથી થયેલા દૈનિક મૃત્યુનો આંક ૩,૯૯૮ સાથે ૪૦૦૦ની એકદમ નજીક પહોંચી ગયો હતો. જોકે, આજે પણ



કોરોનાના નવા કેસ કરતા સાજા થયેલા દર્દીઓની સંખ્યા નીચી નોંધાઈ છે.

કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલય દ્વારા જાહેર કરવામાં આવેલા આંકડા પ્રમાણે દેશમાં કોરોનાના નવા ૪૧,૩૮૩ કેસ નોંધાયા છે, જયારે વધુ ૫૦૭ દર્દીઓના કોરોનાથી મોત થયા છે. નવા કેસની સામે સાજા થનારા દર્દીઓની ઘટવાથી એક્ટિવ કેસ ધીમી ગતિએ વધી રહ્યા છે. ગઈકાલે એક્ટિવ કેસની સંખ્યા ૪,૦૭,૧૭૦ હતી જે વધીને આજે ૪,૦૯,૩૯૪ થઈ છે.

પાછલા ૨૪ કલાકમાં દેશમાં ૩૮,૬૬૨ દર્દીઓએ કોરોનાને હરાવ્યો છે, જ્યારે કુલ સાજા થયેલા દર્દીઓની સંખ્યા વધીને ૩,૦૪,૨૯,૩૩૯ પર પહોંચી ગઈ છે. ભારતમાં કોરોનાના કુલ સંક્રમણની સંખ્યા વધીને ૩,૧૨,૫૭,૭૨૦ થઈ ગઈ છે. વધુ ૫૦૭ દર્દીઓના મોત સાથે કુલ મૃત્યુઆંક ૪,૧૮,૯૮૭ થયો છે.

ભારતમાં કોરોનાના રસી અભિયાનને ગતિથી આગળ વધારવાના પ્રયાસ થઈ રહ્યા છે. જેમાં કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલય દ્વારા જાહેર કરવામાં આવેલા આંકડા પ્રમાણે કુલ વેક્સિનેશન ૪૧,૭૮,૫૧,૧૫૧ પર પહોંચ્યું છે.

આઈસીએમઆર મુજબ ભારતમાં કોરોનાની તપાસ માટે ૨૧ જુલાઈ સુધીમાં કુલ ૪૫,૦૯,૧૧,૭૧૨ સેમ્પલ લેવામાં આવ્યા છે. જેમાંથી ગઈકાલે વધુ ૧૭,૧૮,૪૩૯ સેમ્પલ લેવામાં આવ્યા હતા.

દેશમાં હવે એક્ટિવ કેસ ૪,૦૯,૩૯૪ છે અને મોતનો આંકડો વધીને ૪,૧૮,૯૮૭ પર પહોચી ગયો છે. કુલ વેકસીનેશનનો આંકડો ૪૧,૭૮,૫૧,૧૫૧ થઈ ગયો છે.

ઉત્તરાખંડમાં ૩૭ નવા કોરોનાના કેસ અને ૧૪ રિકવરી દર્જ કરવામાં આવી છે. કોવિડથી એક પણ મોત થયુ નથી. સ્વાસ્થ્ય વિભાગ અનુસાર મધ્ય પ્રદેશમાં ૧૫ નવા કોરોનાના કેસ અને ૨૦ રિકવરી દર્જ કરવામાં આવી છે.

મહારાષ્ટ્રમાં છેલ્લા ૨૪ કલાકમાં ૮,૧૫૯ નવા કોરોનાના કેસ દર્જ કરવામાં આવ્યા છે, બીજી તરફ ૭,૮૩૯ ડિસ્ચાર્જ અને ૧૬૫ મોત દર્જ કરવામાં આવ્યા છે.

### પેટ્રોલ-ડિઝલ પર રાહત મળવાની હાલમાં કોઈ શક્યતા નથી

## રાજ્યમાં રવિવારે વેપારીઓને કોરોના વેક્સિન અપાશેઃ ના.મુખ્યમંત્રીની જાહેરાત

ગાંધીનગર,

આજે ગાંધીનગરમાં કેબિનેટ બેઠક યોજાઈ હતી. જેમાં કોરોનાની સ્થિતિ અને ધોરણ ૯ થી ૧૧ ના શાળા શરૂ કરવા માટે અંગે અનેક ચર્ચાઓ કરાઈ હતી. ત્યારે કેબિનેટ બેઠક બાદ નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે જણાવ્યું કે, ગુજરાત સરકારે ભારત સરકારને વિનંતી કરી છે. જેના કારણે વધારાનો ડોઝ આપવામાં આવ્યો છે. ગુજરાતમાં દરરોજના ત્રણથી ચાર લાખ નાગરિકોને ડોઝ આપવામાં આવી રહી છે.

તેમણે કહ્યું કે, ગઈ કાલે અને આજે કેબિનેટમાં મુખ્યમંત્રી સાથે ચર્ચા વિચારણા થઈ એ પ્રમાણે ગુજરાત સરકાર પાસે પંદર લાખ કરતાં વધુ જથ્થો પ્રાપ્ય છે. દરરોજના અઢી લાખ જેટલો નવો જથ્થો આવી જાય છે. તેથી વેપારીઓ માટે ગૃહ વિભાગ તરફથી જે જાહેરનામુ બહાર પાડવામાં આવ્યું છે. જે મુજબ, ૩૧ જુલાઈ સુધીમાં વેક્સિન વેપારીઓએ મેળવી લેવાની



રહેશે. આજે કેબિનેટમાં ખાસ કિસ્સા તરીકે નિર્ણય કર્યો છે કે, રવિવારે વેપારીઓ અને કર્મચારીઓએ ૩૧ તારીખ પહેલાં વેક્સિન લેવાની રહેશે. માર્કેટયાર્ડ, દુકાનો, હેર કટીંગ સલૂન, બ્યુટી પાર્લર સહિતના વેપારીઓને અને કર્મચારીઓને વેક્સિન આપવામાં આવશે. તમામ વાણિજ્ય હેતુથી ચાલતા વેપાર ધંધાનો સમાવેશ કરાયો છે. રમત-ગમતમાં ભાગ લેનારા ખેલાડીઓ, સિનેમા ગૃહો, હોટલ, સ્વીમિંગ પુલમાં કામ કરતા કર્મચારીઓને, ખાનગી ક્ષેત્રમાં ધંધાકીય હેતુ કાર્યરત છે તેવા તમામને વેક્સિનેશન મેળવવું જરૂરી છે. આ રવિવારે આ વર્ગના કર્મચારીઓને વેક્સિન આપવામાં આવશે. ૧૮૦૦ સેન્ટરો ઉપર વેક્સિન આપવામાં આવશે.

શાળાઓ શરૂ કરવાના મુદ્દે નીતિન પટેલે કહ્યુ કે, સરકારી શાળાઓ ધોરણ ૯, ૧૦ અને ૧૧ ના વર્ગો શરૂ કરવા માટે વાલીઓ તરફથી, શાળા સંચાલકો તરફથી અને શિક્ષણ આલમમાં તરફથી પણ રાજ્ય સરકાર સમક્ષ રજૂઆતો આવી રહી છે. હવે ગુજરાતમાં કોરાનાના કેસો ઘટ્યા છે. નવા કેસ ખૂબ ઓછી સંખ્યામાં આવી રહ્યા છે. અન્ય તમામ પ્રવૃત્તિઓ શરૂ કરી દેવામાં આવી છે. ઘણી છૂટ નિયમોની મર્યાદામાં આપી છે. વિદ્યાર્થીઓ તેનો લાભ પણ લઈ રહ્યા છે. યુવા તમામ વિદ્યાર્થીઓ તેમનું શિક્ષણ પણ પ્રત્યક્ષ રીતે મળી શકે ઓનલાઈન શિક્ષણ તો મળે છે, પણ ગ્રામ્ય વિસ્તારોમાં જ્યાં વ્યવસ્થા નથી અને ઈન્ટરનેટ નથી, મોબાઈલ ફોનની વ્યવસ્થા નથી તેવા વિદ્યાર્થીઓ ઓનલાઈન શિક્ષણથી વંચિત રહે છે. એટલે આ અંગે ગંભીરતાપૂર્વક વિચારણા કરી રહ્યા છે.

તો બીજી તરફ ભારત સરકારના મોંઘવારી ભથ્થુ આપવા મુદ્દે નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે કહ્યું કે, ગુજરાતના કર્મચારીઓ અને પેન્શનરોને લાભ આપવાનો થતો હોય છે તે માટે રાજ્ય સરકાર કાર્યરત રહી છે. કેન્દ્ર સરકારે વધારો કર્યો છે તે પ્રકારે ગુજરાત સરકારના પણ રાજ્ય સરકારના કર્મચારીઓને મોઘવારી ભથ્થાનો લાભ આપવા નાણાં વિભાગ સક્રિય વિચારણા કરી રહ્યું છે. તો પેટ્રોલ ડીઝલના ભાવ વિશે તેમણે કહ્યુ કે, પેટ્રોલ-ડીઝલ ઉપર ઓછામાં ઓછો વેટ લેનાર ગુજરાત એકમાત્ર રાજ્ય છે. બીજા કોઈ રાજ્ય વિચારણા કરશે ત્યારે રાજ્ય સરકાર પણ વિચારણા કરશે. આખા દેશમાં પેટ્રોલ-ડીઝલ ઉપરનો પરનો જે ટેક્સ છે તે ગુજરાતમાં સૌથી ઓછો છે. પેટ્રોલ-ડીઝલ પર ના પરના ઘટાડા સંદર્ભમાં આ નિવેદન છે.

### દસ કલાકમાં ૬૮.૭૨ મીમી વરસાદથી જળબંબાકારની સ્થિતિ

## ભારે વરસાદને કારણે માયાનગરીના બેહાલ, અનેક વિસ્તારોમાં જાહેર કરાયું રેડ એલર્ટ

મુંબઈ,

મુંબઈ સહિત મહારાષ્ટ્રના ઘણા વિસ્તારોમાં બુધવારે પણ ભારે વરસાદ પડ્યો હતો. ત્યારે આજે પણ ભારે વરસાદની આશંકાને પગલે ભારતીય હવામાન વિભાગ દ્વારા મુંબઈ શહેરમાં ઓરેન્જ એલર્ટ જાહેર કર્યું છે. જ્યારે મહારાષ્ટ્રના જલના, બીડ, નાંદેડ, લાતુર, પરભણી, હિંગોલી, સતારા, પુના, રત્નાગીરી, સિંધુદુર્ગ સહિતના વિસ્તારોમાં રેડ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે.

મુંબઈમાં અવિરત વરસાદને પગલે શહેરના અનેક નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયા હતા. ઉપરાંત રસ્તાઓ પણ વરસાદી પાણીમાં ગરકાવ



થઈ જતા લોકોએ ભારે હાલકીનો સામનો કરવો પડ્યો હતો.

ઉપરાંત, ભારે વરસાદને પગલે ટ્રેન સેવા પણ પ્રભાવિત થઈ હતી. શહેરમાં ઉંબરમાળી રેલ્વે સ્ટેશન અને કસારા વચ્ચેની લોકલ ટ્રેન સેવા થોડા સમય માટે સ્થગિત કરવાની ફરજ પડી હતી. ભારતીય હવામાન વિભાગ દ્વારા મુંબઈ સહિત મહારાષ્ટ્રના ઘણા જિલ્લાઓમાં વરસાદની સંભાવના વ્યક્ત કરી છે અને અનેક શહેરોમાં એલર્ટ આપવામાં આવ્યું છે.

ભારતીય હવમાન વિભાગના જણાવ્યા મુજબ, ગુરુવારે મુંબઈમાં ભારે વરસાદની આગાહીને પગલે 'ઓરેંજ એલર્ટ' જાહેર કરવામાં આવ્યું છે. જે દર્શાવે છે કે શહેરના કેટલાક સ્થળોએ ભારેથી અતિભારે વરસાદની આગાહી વ્યક્ત કરે છે. ઉલ્લેખનીય છે કે, બુધવારે ભારે વરસાદને કારણે ઉંબરમાળી રેલ્વે સ્ટેશન અને કસારા વચ્ચેની લોકલ ટ્રેન સેવા સ્થગિત કરી દેવામાં આવી હતી.

રેલવે ટ્રેક પર પાણી ભરાવાને કારણે રેલવે સેવા સ્થગિત કરવાની ફરજ પડી હતી. રેલવે પ્રવક્તાએ જણાવ્યું હતું કે, "રેલવે ટ્રેક પર વચ્ચે પાણી ભરાવાના કારણે મધ્ય રેલ્વેના ખારડી અને ઈગતપુરી સ્ટેશનો વચ્ચેની રેલવે સેવા પણ સ્થગિત કરવામાં આવી હતી.

બોમ્બે મ્યુનિસિપલ કોર્પોરેશનના અધિકારીઓએ જણાવ્યું હતું કે, બુધવારે દસ કલાકમાં મુંબઈમાં ૬૮.૭૨૭૨ મીમી જેટલો વરસાદ નોંધાયો હતો. જ્યારે શહેરના પૂર્વ અને પશ્ચિમ વિસ્તારોમાં ૫૮.૭૫ મીમી અને ૫૮.૨૪ મીમી વરસાદ નોંધાયો હતો.

## પેગાસસ જાસૂસી કૌભાંડઃ રાજ્યસભામાં હોબાળો થતાં કાર્યવાહી સ્થગિત

ન્યુ દિલ્હી,

મોન્સૂન સત્ર દરમિયાન સાંસદનાં બંને સત્રોમાં હોબાળો યથાવત્ છે. ગુરુવારે વિપક્ષી સાંસદોએ પેગાસસ જાસૂસીકાંડ સહિત બીજા ઘણા મુદ્દાઓ સામે વિરોધપ્રદર્શન કર્યું. પેગાસસ કેસ અંગે રાજ્યસભામાં હોબાળો થતાં IT મંત્રી અશ્વિની વૈષ્ણવ પોતાની વાત પૂરી કરી શક્યા નહીં અને તેમને ભાષણ ટૂંકાવવું પડ્યું હતું. આટલું જ નહીં, પરંતુ આ મુદ્દો લેટર ઝૂંટવી લેવા સુધી પહોંચી ગયો હતો. આઈટી મંત્રી પેગાસસ મુદ્દે પોતાની વાત રજૂ કરવા ઊભા થયા તો મમતા બેનર્જીની પાર્ટી તૃણમૂલના સંસદ શાંતનુ સેને આઈટી મંત્રીના હાથમાંથી સ્ટેટમેન્ટ શીટ ઝૂંટવીને ફાડી દીધી હતી અને તેના ટુકડા હવામાં ઉછાળ્યા હતા. આ દરમિયાન હોબાળા વચ્ચે જ આઈટી મંત્રીએ બોલવાનું ચાલુ રાખ્યું હતું, પરંતુ પોતાની વાત રજૂ કરી શક્યા નહોતા. ત્યાર પછી BJP અને તૃણમૂલના સંસદો વચ્ચે બોલાચાલી થઈ હતી અને મામલો થાળે પાડવા માટે માર્શલને બોલાવવા પડ્યા હતા.

ત્યાર પછી રાજ્યસભાની કાર્યવાહી આવતીકાલ સુધી મુલતવી રાખવામાં આવી હતી. આ ત્રીજી વખત ગૃહની કાર્યવાહીને સ્થગિત રાખવામાં આવી છે. વહેલી સવારે જ્યારે કાર્યવાહી શરૂ થઈ ત્યારે હંગામો થતાં તે બપોરે ૧૨ વાગ્યા સુધી અને પછી ૨ વાગ્યા સુધી સ્થગિત રાખવી પડી હતી. બીજી તરફ લોકસભાની કાર્યવાહી પણ આજે સાંજે ૪ વાગ્યા સુધી સ્થગિત રાખવામાં આવી છે. તૃણમૂલ સાંસદની વર્તણૂક પર ભાજપ સાસંદ દાસગુપ્તાએ મીડિયા સાથે વાત કરતાં કહ્યું હતું કે 'સદનમાં અસભ્ય વ્યવહાર થયો છે.' મંત્રીના નિવેદન દરમિયાન તમને સવાલ કરવાનો હક છે, પરંતુ ડિબેટની જગ્યાએ ગૃહમાં જે થયું એ શું એક પ્રકારનો ઉપદ્રવ છે? આ તમામ નિયમો વિરુદ્ધ છે. આની નિંદા થવી જોઈએ. રાજ્યસભામાં બનેલી ઘટના અંગે આરજેડીના સાંસદ મનોજ ઝા કહે છે કે હોબાળા વચ્ચે જે રીતે IT મંત્રીએ નિવેદન આપ્યું છે એના પરથી એવું લાગે છે કે સરકાર ફક્ત મુદ્દાઓની મજાક ઉડાવવા માગે છે. પ્રધાનનું આ વલણ દુર્ભાગ્યપૂર્ણ હતું.

## વડોદરામાં વિવાદિત ૪૬ પ્લોટ પાલિકા હસ્ત લેવા મેયરે જાહેરાત કરી

વડોદરા,

વડોદરા શહેર કોંગ્રેસ દ્વારા આજે કોર્પોરેશન ખાતે વનીકરણના બહાને ગ્રીન બેલ્ટના પ્લોટોની લ્હાણી કરવાના મુદ્દે હોબાળો મચાવ્યો હતો અને મેયરને આવેદનપત્ર આપ્યું હતું. આ દરમિયાન મેયર કેયુર રોકડિયાએ વિવાદિત ૪૬ પ્લોટ પાલિકા હસ્તક લેવાનો નિર્ણય કર્યો હતો.

વડોદરા કોર્પોરેશન દ્વારા વનીકરણના બહાને ગ્રીન બેલ્ટના પ્લોટો ફાળવવામાં આવ્યા હતા, તેમાં ગેરકાયદે બાંધકામ અને કોમર્શિયલ ઉપયોગ થયાની ફરિયાદ થતાં વિવાદ ઉભો થયો છે, ત્યારે આજે કોંગ્રેસ પક્ષ દ્વારા મેયરને છોડ આપીને અનોખો વિરોધ કર્યો તો બીજી બાજુ કોંગ્રેસના અગ્રણી નિલેશ બ્રહ્મભટ્ટે મેયરની કાર ઉપર વૃક્ષારોપણ કરી



અનોખો વિરોધ કર્યો હતો. મેયરને પાઠવેલા આવેદનપત્રમાં કોંગ્રેસ દ્વારા ગ્રીન બેલ્ટ વનીકરણના નામે કોર્પોરેશનની કરોડો રૂપિયાની જમીન રાજકીય અને વગ ધરાવતા વ્યક્તિઓને ખાનગી ઉપયોગ માટે ફાળવી દેવા સામે વિરોધ અને જૂના પ્લોટમાં ભ્રષ્ટાચારની તપાસ અને તમામ પ્લોટ કોર્પોરેશન હસ્તક કરવા માગણી કરવામાં આવી હતી.

જૂના ૪ પ્લોટની ફાળવણી જોતાં આશ્ચર્ય થયું કે ફક્ત રાજકીય વ્યક્તિઓ કે વગદાર મળતિયા ટ્રસ્ટોને, ભાજપના કોર્પોરેટરો, ધારાસભ્યોએ, સાંસદસભ્યો વિગેરેને ફાળવેલા છે. જેની જમીનની કિમત ૨૦૦ કરોડથી વધારે થાય છે. કૌભાંડ અને આશ્ચર્યજનક બાબતએ બહાર આવી છે કે, આમાંથી ઘણા પ્લોટમાં વનીકરણ થયું નથી અને ગ્રીન બેલ્ટમાં ગેરકાયદેસર બાંધકામ કરી પોતાની ખાનગી પેઢીઓ/સંસ્થાઓ દ્વારા સેવાના નામે ગેરકાયદેસર રીતે કમાણી કરી ભ્રષ્ટાચાર કરી રહ્યા છે.

દરમિયાન આજે મેયર કેયુર રોકડિયાએ તમામ ૪૬ પ્લોટ પરત લઈ પાલિકા પોતે વૃક્ષારોપણ સહિતની એક્ટિવિટી કરશે તેમ જણાવ્યું હતું. સાથે સાથે અત્યાર સુધી પ્લોટ ઉપર સારી કામગીરી કરનારી સંસ્થા અને લોકોનો આભાર વ્યક્ત કર્યો હતો.

## ઓક્સિજનની અછત મુદ્દે રાહુલ ગાંધીનો મોદી સરકાર પર કટાક્ષ



ન્યુ દિલ્હી,

ઓક્સિજનની અછતથી કોરોનાની બીજી લહેર દરમિયાન કોઈ મોત નથી થયુ તેવા કેન્દ્ર સરકારના જવાબ પર કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધીએ કટાક્ષ કર્યો છે.

રાહુલ ગાંધીએ ટ્વિટ કરતા કહ્યુ હતુ કે, બધુ યાદ રાખવામાં આવશે. ઉલ્લેખનીય છે કે કેન્દ્ર સરકારે જ્યારથી ઓક્સિજનથી મોત નહીં થયુ હોવાનુ કહ્યુ છે ત્યારથી રાજકીય મોરચે ઘમાસાણ ચાલી રહ્યુ છે.

વિપક્ષો આ મુદ્દે સરકાર પર નિશાન સાધી રહ્યા છે ત્યારે મોદી સરકારનુ કહેવુ છે કે, અમે તો રાજ્યોએ આપેલા આંકડાના આધારે જ આ નિવેદન આપ્યુ છે. આમ હવે કોવિડના કારણે થયેલા મોતના મામલે રાજકીય પાર્ટીઓ એક બીજા પર દોષારોપણ કરી રહી છે.

દરમિયાન રાહુલ ગાંધીએ પણ હવે સરકારને ટાર્ગેટ કરી છે. આ પહેલા પ્રિયંકા ગાંધીએ પણ સરકાર પર આરોપ લગાવ્યો હતો કે, લોકોના મોત એટલા માટે થયા હતા કે, સરકારે ઓક્સિજનની નિકાસ કરી હતી અને ઓક્સિજન ટ્રાન્સપોર્ટ કરવા માટે ટેક્કરોની વ્યવસ્થા પણ કરી નહોતી.

આમ આ મુદ્દે આગામી દિવસોમાં પણ રાજકીય ઘમાસાણ ચાલુ રહે તેવા એંધાણ મળી રહ્યા છે.


કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઈઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

રાવત કેનાન ફકરૂદ્દીન

મુ. પરમારના ખાખરીયા, તા. લીમખેડા



કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઈઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

રાવત સલમાનભાઈ મન્નાભાઈ

મુ. વિસલંગા, તા. લીમખેડા


### ઓન લાઈન ટેન્ડરીંગ
### માર્ગ અને મકાન વિભાગ, ગુજરાત સરકાર
### જાહેર નિવિદા નં.-૦૫ સને ૨૦૨૧-૨૨

ગુજરાત રાજયના રાજયપાલશ્રીના વતી કાર્યપાલક ઈજનેર, મહીસાગર મા. અને મ. વિભાગ, મુ.લુણાવાડા, કોટેજ હોસ્પીટલની બાજુમાં, પીનકોડ-૩૮૯૨૩૦, જી.મહીસાગર ફોન નં.(૦૨૬૭૪) ૨૫૦૪૮૬ ધ્વારા સમાન પ્રકારની કામગીરીનો અનુભવ ધરાવતા ઈજારદારો પાસેથી પ્રોવાઈડીંગ કન્સલટન્સી સર્વીસીસ ફોર મોનીટરીંગ ધ કન્ડીશન ઓફ કન્સ્ટ્રકશન ઓફ સ્ટાન્ડર્ડ ટુ લેન રોડ વીથ ૧.૫ મી. પેવ્ડ શોલ્ડર્સ ઓન આઈધર સાઈડ (૧૦ મી.) વાઈડેનીંગ એન્ડ સ્ટ્રેન્ધનીંગ ઓફ અમદાવાદ-કુહા-કઠલાલ-બાલાસિનોર-દેવ-નમનાર-લુણાવાડા-સંતરામપુર-ઝાલોદ રોડ કિ.મી. ૮૪/૬૦૦ થી ૧૨૨/૮૫૦, જિ.મહીસાગરના ૦૧ (એક) કામ (અંદાજીત કિંમત રૂા.૨૭.૬૮ લાખ) માટે ઓનલાઈન ટેન્ડર મંગાવવામાં આવે છે.

ઉપરોકત કામ માટેના ટેન્ડર ડોકયુમેન્ટસ તા.૨૮/૦૭/૨૦૨૧ ના રોજ બપોરના ૧૨.૦૦ કલાક સુધી વેબ સાઈટ https://rnb.nprocure.com પર ઉપલબ્ધ થશે.

જયારે કામના ઓનલાઈન ટેન્ડર ઉપર મુજબ તા.૨૮/૦૭/૨૦૨૧ ના રોજ સાંજના ૧૮.૦૦ કલાક સુધીમાં મોકલવાના રહેશે.

વધુ વિગત માટે ઉપરોકત વેબસાઈટ અથવા રૂબરૂ કચેરીએ કચેરીના કામકાજના સમય દરમ્યાન સંપર્ક સાધવા વિનંતી. કામ અંગેના સુધારા વધારા ઓનલાઈન જોવા મળશે.

કાર્યપાલક ઈજનેર
મહીસાગર મા. અને મ.વિભાગ
લુણાવાડા

માહિતી/ગોધરા/૩૫૨/૨૦૨૧

## રાજસ્થાનના બિકાનેરમાં સતત બીજા દિવસે ભૂકંપના આંચકા અનુભવાયા

ન્યુ દિલ્હી/ જયપુર,



રાજસ્થાનના બીકાનેરમાં ગુરુવારે સવારે ભૂકંપના ભારે આંચકા અનુભવાયા હતા. તેની તીવ્રતા રિક્ટર સ્કેલ પર ૪.૮ માપવામાં આવી છે. સિસ્મોલોજીના નેશનલ સેન્ટર અનુસાર, ભૂકંપ સવારે ૭:૪૨ વાગ્યે આવ્યો હતો. તેનું કેન્દ્ર બિકાનેરથી ૪૧૩ કિ.મી. ઉત્તર-પશ્ચિમમાં ૧૫ કિ.મી. જમીનની નીચે હતું. ભૂકંપથી હજી સુધી કોઈ નુકસાનની જાણકારી મળી નથી. આ પહેલા બુધવાર પણ બિકાનેરમાં ભૂકંપના આંચકા અનુભવાયા હતા. તેની તીવ્રતા રિક્ટર સ્કેલ પર ૫.૩ માપવામાં આવી હતી.

ભૂસ્તરશાસ્ત્રીઓના જણાવ્યા અનુસાર, ભૂકંપનું અસલી કારણ ટેક્ટોનિકલ પ્લેટોમાં થતી મજબૂત હિલચાલ છે. આ ઉપરાંત ઉલ્કાના પ્રભાવો અને જ્વાળામુખી વિસ્ફોટ, માઈન ટેસ્ટિંગ અને પરમાણુ પરીક્ષણના કારણે ભૂકંપ પણ આવે છે. ભૂકંપની તીવ્રતા રિક્ટર સ્કેલ પર માપવામાં આવે છે. આ સ્કેલ પર ૨.૦ અથવા ૩.૦ ની તીવ્રતાનો ભૂકંપ હળવો હોય છે, જ્યારે ૬ની તીવ્રતાનો અર્થ શક્તિશાળી હોય છે.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર
પંચમહાલ સમાચાર

# દાહોદમાં કોંગ્રેસ જનચેતના કાર્યક્રમ અંતર્ગત સાયકલ રેલી યોજી પેટ્રોલ-ડીઝલ અને ખાદ્યતેલના ભાવ વધારા મુદ્દે આવેદન આપ્યું

દાહોદ,

દિનપ્રતિદિન પેટ્રોલ – ડીઝલનો વારંવારનો ભાવ વધારો, ખાદ્યતેલ, દૂધ જેવી જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓના ભાવ વધારાના વિરોધમાં આજરોજ દાહોદ જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા શહેરમાં જનચેતના અભિયાન કાર્યક્રમ અંતર્ગત સાયકલ રેલી તેમજ બળદગાડા દ્વારા શહેરમાં રેલી યોજી દાહોદ પ્રાંત અધિકારીને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું.



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ દ્વારા રાજ્યભરમાં શરૂ કરવામાં આવેલ જનચેતના અભિયાન કાર્યક્રમ અંતર્ગત પ્રદેશ પ્રમુખ અમિત ચાવડાની સૂચના અનુસાર આજરોજ દાહોદ કોંગ્રેસ સમિતિ દ્વારા પેટ્રોલ – ડીઝલના ભાવ વધારા, ખાદ્યતેલ, દૂધ જેવી જીવનજરૂરિયાત ચીજવસ્તુઓના ભાવ વધારાના વિરોધમાં દાહોદ શહેરમાં ઝાલોદ રોડ ખાતે આવેલ કોંગ્રેસ કાર્યાલય ખાતેથી સાયકલ યાત્રા તેમજ બળદગાડા યાત્રા રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ રેલી કોંગ્રેસ કાર્યાલયથી ઝાલોદ રોડ, શર્શિ, બસ સ્ટેશન, સ્વામી વિવેકાનંદ ચોક, ભગિની સમાજ, યાદગાર ચોક, નગરપાલિકા થઈ દાહોદ પ્રાંત અધિકારીની ઓફિસ ખાતે યાત્રા પહોંચી હતી જ્યાં પ્રાંત અધિકારીને આવેદનપત્ર આપી જણાવ્યું હતું કે, છેલ્લા અઢી દાયકા જેટલા સમયથી ભાજપના પ્રજાવિરોધી શાસનમાં ગરીબો અને વંચિતો સહિત સામાન્ય પ્રજાજનોની હાલત અત્યંત કફોડી બની છે. સામાન્ય પ્રજાજનો માટે આજીવિકા તેમજ દૈનિક જીવન ચલાવવું અત્યંત મુશ્કેલ બન્યું છે. દિન – પ્રતિદિન પેટ્રોલ – ડીઝલ સહિત દૈનિક જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓનાં અસહ્ય ભાવ વધારાને લીધે ગુજરાતના પ્રજાજનો પારાવાર હાલાકી ભોગવી રહ્યા છે. સરકારની ખોટી નીતિ – રીતિના કારણે પેટ્રોલ – ડીઝલ ખાતર તેલ તથા ગેસની બોટલ જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓનો અસહ્ય ભાવ વધારો થઈ રહ્યો છે. ત્યારે કોરોના મહામારીની વચ્ચે પણ આ ભાવ વધારો ગરીબો અને મધ્યમ વર્ગના પરિવારોની કમર તોડી નાંખે છે. ગૃહિણીઓના બજેટ પણ ખોરવાયા છે. પ્રજાજનો આર્થિક સંકળામણ અનુભવી રહ્યા છે. દેશના ઘણા રાજ્યોમાં તો પેટ્રોલ ૧૦૦ રૂપિયાની સપાટી પાર કરી ગઈ છે. કરિયાણા તેમજ જીવનજરૂરિયાતની ચીજવસ્તુઓના ભાવ પણ આસમાને પહોંચી ગયા છે. આવા ભાવ ઘટાડવા યોગ્ય પગલાં લઈ સરકાર દ્વારા યોગ્ય નિર્ણય કરવામાં આવે તેવી રજૂઆત સાથે દાહોદ પ્રાંત અધિકારીને દાહોદ જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા આવેદનપત્ર આપ્યું હતું.

# દાહોદ જિલ્લામાં મોબાઈલ ટુ સ્પોર્ટ્સ અંતર્ગત જિલ્લા કક્ષાની ગાયન-વાદન સ્પર્ધા યોજાશે

દાહોદ,

દાહોદ જિલ્લામાં મોબાઈલ ટુ સ્પોર્ટ્સ' અંતર્ગત જિલ્લા કક્ષાની ગાયન–વાદન સ્પર્ધા યોજાશે. રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ હસ્તકની કમિશ્નર, યુવક, સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓની કચેરી, ગાંધીનગર અને જિલ્લા રમત ગમત અધિકારીની કચેરી દ્વારા સંયુક્ત રીતે ગાયન (સુગમ સંગીત, લગ્ન ગીત, શાસ્ત્રીય કંઠ્ય, લોક ગીત, ભજન સ્પર્ધા) સ્પર્ધાનું આયોજન કરાયું છે. આ સ્પર્ધા અંતર્ગત જુદા જુદા વયજુથ પ્રમાણે કલાકારો ભાગ લઈ શકશે. જેમાં ૬ વર્ષ થી ૧૪ વર્ષ સુધીનાં, ૧૫ વર્ષ થી ૨૦ વર્ષ સુધીનાં, ૨૧ વર્ષ થી ૫૯ વર્ષ સુધીનાં તેમજ ૬૦ વર્ષથી ઉપરનાં ઓપન વ્યક્તિઓ વય જુથમાં ભાગ લઈ શકશે. સ્પર્ધકે ઉક્ત સ્પર્ધાની વિડીયો કલીપ તૈયાર કરી, વિડીયોમાં પોતાનું નામ, સરનામું, સ્કુલનું નામ, મોબાઈલ નંબર, ઈ–મેઈલ એડ્રેસનો ઉલ્લેખ કરવો અને સાથે ઉંમરનાપુરાવા તરીકે આધારકાર્ડ, ચુંટણીકાર્ડ, ડ્રાઈવિંગ લાઈસન્સ તેમજ બેંક પાસબુકની ઝેરોક્ષ જોડી આગામી તા. ૧૯/૦૮/૨૦૨૧ બપોર ૧૨:૦૦ કલાક સુધીમાં જિલ્લા રમત ગમત અધિકારીની કચેરી, છાપરી, દાહોદ ખાતે ઈ મેઈલ આઇ ડી dsodahod12gmail.com પર અથવા રૂબરૂ પેન ડ્રાઈવ–સીડીમાં ગાયન–વાદન સ્પર્ધાની વિડિયો કલીપ મોકલવાની રહેશે. જિલ્લાકક્ષાની સ્પર્ધામાં પ્રથમ વિજેતાને રૂ. ૧૦૦૦, દ્વિતિય વિજેતાને રૂ.૭૫૦, તૃતિય વિજેતાને રૂ.૫૦૦ ઈનામ સ્વરૂપે આપવામાં આવશે. રાજ્યકક્ષાની સ્પર્ધામાં ૧૦ વિજેતા કાલાકારોની પસંદગી કરવામાં આવશે. તેઓ પૈકિ પ્રથમ વિજેતાને રૂ. ૨૫,૦૦૦, દ્વિતિય વિજેતાને રૂ.૧૫,૦૦૦ તૃતિય વિજેતાને રૂ.૧૦,૦૦૦ એમ ત્રણ ઈનામો અને બાકિનાં અન્ય ૭ વિજેતા કલાકારોને રૂ.૫૦૦૦ પ્રત્યેકને આશ્વાસન ઈનામ સ્વરૂપે આપવામાં આવશે. સ્પર્ધક આ અંગેની વધુ માહિતી મોબાઈલ ટૂ સ્પોર્ટ્સ યોજના અંતર્ગત ફેસબુક પેજ https://www.facebook.com/mobile2sports તેમજ યુ ટ્યુબ ચેનલની લીંક https://www.youtube.com/channel/UCzsjR0vtHpN4rKesnUaz-g પરથી મેળવી શકશે.

# ગુજરાત રાજ્ય ભાજપ પ્રદેશ અધ્યક્ષને ૧ વર્ષ પુરૂ થતાં કુંવારીકાઓને ફળોનું વિતરણ કરાયું



દાહોદ,

ગુજરાત પ્રદેશ કર્મઠ, કુશળ સંગઠનકર્તા, પેજ કમિટીના પ્રણેતા યશસ્વી અધ્યક્ષ માનનીય સી.આર. પાટીલ ને પ્રમુખપદે સફળતાપૂર્વક એક વર્ષનો કાર્યકાળ પૂર્ણ કરતાં આજરોજ દાહોદ શહેર મહિલા મોરચો પ્રમુખ રંજનબેન રાજહંસ દ્વારા આયોજિત આ કાર્યક્રમમાં જિલ્લા પ્રમુખ મેઘાબેન પંચાલ, નગરપાલિકા પ્રમુખ રીનાબેન પંચાલ પંચમહાલ જિલ્લા પ્રભારી સંયુક્તાબેન મોદી, શહેર સંગઠનના બહેનો, કાઉન્સિલર બહેનો અને મોરચા ની બહેનો દ્વારા કુમારિકા ઓનું પુજન કરી ૫૧બાલિકાઓને જવારા, ડ્રાય ફ્રુટ, નોટબુક, ચીકી અને ફળ વિતરણ કરવામાં આવ્યું. આ પ્રસંગે આવનાર વર્ષની સફળતા માટે મંગલ કામના કરવામાં આવી હતી.

# ફતેપુરા માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શિક્ષકો દ્વારા પડતર પ્રશ્નોના રજૂઆત માટે ધારાસભ્ય રમેશ કટારાને આવેદનપત્ર આપ્યું

ફતેપુરા,

જિલ્લા માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શિક્ષણ સંઘ દ્વારા શાળાઓના કર્મચારીઓના પડતર પ્રશ્નો માટે આજરોજ ધારાસભ્ય રમેશ કટારા ને દાહોદ જિલ્લા શિક્ષણ સંઘના મંત્રી હિતેશકુમાર પારગી તથા ફતેપુરા શિક્ષણ સંઘના પ્રમુખ સી.બી પટેલે આવેદનપત્ર આપી રજૂઆત કરી હતી. પાંચ વર્ષની ફિક્સ પગારની નોકરી તમામ હેતુઓ માટે સળંગ ગણવા અને સાતમા પગાર પંચના એરિયસનું પાંચ હપ્તામાં ચુકવણું સંદર્ભે થી જાહેરાત કરેલુ આમ છતાં



તસ્વીર : સંજય કલાલ, ફતેપુરા

અમને છેલ્લા ત્રણ વર્ષથી હપ્તા રોકડમાં ચુકવેલ નથી. જે તાત્કાલિક ચૂકવવામાં આવે તારીખ ૧૯ /૦૧/૨૦૨૧ ના રોજ ગુજરાત સરકાર શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક બમશ/૧૩૧૦/૧૨૦૧/ગ સચિવાલય ગાંધીનગરના બિનશરતી ફાજલના કાયમી રક્ષણના પરિપત્રમાં રહેલી વિસંગતતાઓ અને વાંધાજનક મુદ્દાઓ દૂર કરવા તેમ જ સી.પી.એફ અને વર્ધિત પેન્શન યોજના નાબૂદ કરી જી.પી.એફ અને જૂની પેન્શન યોજનાઓ અમલ કરવા જેવા અગત્યના પડતર પ્રશ્નોની વારંવાર લેખિત અને મૌખિક તથા રૂબરૂ રજૂઆતો કરવા છતાં કોઈ ઉકેલ નહીં આવતા આમા ૧ માર્ચ ૨૦૧૯માં લેવાનારી એસ.એસ.સી અને એચ.એસ.સી.ની પરીક્ષાની તમામ કામગીરીનો બહિષ્કાર કરેલો જે બાબતે માન્ય મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી તથા નાયબ મુખ્યમંત્રી અને નાણા મંત્રી નીતિન પટેલે તેમજ શિક્ષણ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા તેમજ સાથે અધિકારીઓની હાજરીમાં પ્રશ્નો સ્વીકારી સમાધાન થયેલું જે સમાધાન જાહેરાતનો અમલ નહીં થતાં સંદર્ભ ત્રણથી અનેકવાર લેખિત આવેદન પત્રો આપી તથા અને મૌખિક રજૂઆત કરવા છતાં આજદિન સુધી ઉકેલ આવે નથી. જેના કારણે સરકાર સામે અમારા શિક્ષક કર્મચારી ઉગ્ર રોષ અને લાગણી અને નારાજગી જોવા મળે છે. તેથી નાછૂટકે ગુજરાત રાજ્ય શિક્ષણ સંઘ સંકલન સમિતીના ઘટક મહામંડળો સાથે રહી ગાંધી ચિંધ્યા માર્ગે જે મજબૂત તબક્કાવાર આંદોલન કરવાની ફરજ પડશે તેવું જાણવા મળ્યું હતું.

# દે.બારીયા સબજેલમાંના કેદીઓને મુલાકાતના માટે કોરોના કાળમાં મોટો ધસારો શું ? સૂચવે છે ?

દે.બારીયા,

દે.બારીયાની સબજેલ અંગ્રેજના જમાનાની અને રાજવી સમયની જેલ છે. તેમાંથી કેદી ભાગી જાય તે શક્ય નથી પરંતુ પાછલા એક વર્ષના સમયમાં કેદીઓ આ જેલ માંથી ભાગી ગયાના અખબારી અહેવાલ એ ચોંકાવી દીધા હતા. અને કોઈ પણ જેલર અથવા પોલીસનો પહેરેદાર બરતરફ પણ કરાયા નથી. તેના ઉપર થી શું ? લાગે છે કે બદજના આંખ આડા કાનના કારણે કેદીઓ ૩૫ થી ૪૪ ફુટ ઉંચી દિવાલ કુદીને ભાગવામાં સફળ થયા હતા કે, તેમને મદદ મળી ?



તસ્વીર : મો.હુસૈન મકરાણી, દે.બારીઆ

પ્રાપ્ત માહિતી અનુસાર તા.૨૨/૭/૨૧ ગુરૂવારના રોજ લગભગ ૧૧.૩૦ કલાકે દે.બારીયાની સબજેલના ગેટના કંપાઉન્ડમા અને ગેટની બહાર પોતપોતાના કેદીઓને મુલાકાત માટે સંબંધીઓ મુલાકાતની રાહ દેખતા હતા. અને આવા કોરોનાકાળમાં એક સામટા એક સો જેટલા મુલાકાતીઓ એકઠા થયા એ પણ પ્રોટોકોલના પાલન કરાવનારા ખાખી વર્દીના કર્મીઓ કોવિડ–૧૯ના નિયમોના ધજાગરા થતા નથી. સબજેલના પહેરેદારો પોતાના ખિસ્સા ભરવા માટે સરકારની સુચનાઓનું પાલન કરતા નથી. દવાઈ ભી ઔર કડાઈ ભીના સૂત્ર થી ઉલ્ટુ થાય છે. દવાઈ ભી ઔર ઢીલાઈ ભી આના ઉપર થી એવું નથી લાગતું કે, નિયમોનું પાલન કરાવનારા ત્રીજી લહેરનું બ્યુગલ વગાડી રહ્યા છે ? જેથી જીલ્લાના પદના અધિકારીઓ સબજેલમાં અગાઉ પણ કેદીઓને કોરોના પોઝીટીવ આવ્યા હતા. તે વાતને નોંધ લઈ જેલમાં મુલાકાતીઓને બંધ કરાવે નહિ તો ફરી કેદીઓમાં સંક્રમણ થાય તો નવાઈ નહિ.

# ATM જેવું બની ગયું છે પુરવઠા વિભાગનું રાશન કાર્ડ

દાહોદ,

હવે તો રાશન કાર્ડ પણ એટીએમ જેવું બની ગયું છે. વન નેશન–વન રાશન કાર્ડની યોજનાના અમલ બાદ એટીએમ જેવું કામ કરવા લાગેલા રાશન કાર્ડને પરિણામે કાર્ડધારકને તેમની નજીકની કોઈ પણ સસ્તા અનાજની દૂકાનેથી જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળનું રાશન મળવા લાગતા વિશેષ સહુલિયત ઉભી થઈ છે. ગુજરાતમાં આ યોજના અંતર્ગત પ્રતિ માસ ૩૫ હજાર કરતા વધારે પરિવારોને તેમના જિલ્લા સિવાયના બીજા જિલ્લાઓમાંથી રાશન મળી રહ્યું છે. ખાસ કરીને દાહોદ સહિતના આદિવાસી બાહુલ્ય ધરાવતા જિલ્લાઓના પ્રવાસી શ્રમિકોને આ યોજનાથી ફાયદો થયો છે.



- ગુજરાતમાં પ્રતિ માસ ૩૫ હજારથી વધુ પરિવારો બીજા જિલ્લામાંથી મેળવે છે રાશન.
- વન નેશન વન રાશન કાર્ડથી દાહોદ સહિતના આદિવાસી બાહુલ જિલ્લાના પ્રવાસી શ્રમિકોને વિશેષ ફાયદો.
- ગુજરાતમાં બીજા રાજ્યના બે હજાર કરતા વધુ પરિવારો જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળનું રાશન.

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની મહત્વાકાંક્ષી યોજના વન નેશન–વન રાશન કાર્ડ અંતર્ગત પોર્ટેબલિટી સુવિધા ગુજરાતમાં ચાલું થઈ છે. મતબલ કે જો તમારૂ રાશન કાર્ડ કોઈ એક જિલ્લામાં હોય તો તમે બીજા જિલ્લામાંથી પણ જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળનું રાશન કાર્ડ મેળવી શકો છે. એટલું જ નહી, જિલ્લાની અંદર પણ એક તાલુકાના કાર્ડ બીજા તાલુકામાં ચાલે છે.

વન નેશન વન રાશન યોજના અમલી બનાવનારા રાજ્યો જેવા કે આંધ્રપ્રદેશ, બિહાર, દિવ–દમણ અને દાદરાનગર હવેલી, ગોવા, હરિયાણા, હિમાચલ પ્રદેશ, ઝારખંડ, કર્ણાટક, કેરલ, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, મિઝોરમ, ઓરિસ્સા, પંજાબ, રાજસ્થાન, સિક્કીમ, તેલંગણા, ત્રિપુરા, ઉત્તરપ્રદેશ, જમ્મુકાશ્મીર, મણીપુર, નાગાલેન્ડ અને ઉત્તરાખંડ સહિતના મળી કૂલ ૨૨ રાજ્યો અને બે કેન્દ્ર શાસિત પ્રદેશમાં ગત્ત ઓગસ્ટ સુધીમાં આ યોજના લાગુ કરી દેવામાં આવી હોવાથી ગુજરાતના કોઈ પણ લોકો ત્યાંથી આ બધા રાજ્યોના નાગરિકો ગુજરાતમાંથી રાશન મેળવી શકે છે. ગુજરાતમાં પ્રતિ માસ અઢી હજારથી વધુ પરપ્રાંતીય પરિવારો રાશન મેળવી રહ્યા છે.

વન નેશન વન રાશન કાર્ડ યોજના પરિણામે આદિવાસી વિસ્તારોને વિશેષ ફાયદો થયો છે. દાહોદ, ગોધરા, છોટાઉદેપુર, મહિસાગર, ડાંગ, તાપી જેવા ભૌગોલિક પ્રતિકૂળતા ધરાવતા વિસ્તારોમાંથી મોટા પ્રવાસીઓ રાજ્યના મોટા શહેરોમાં અર્થોપાર્જન માટે અસ્થાયી સ્થળાંતર કરી જાય છે. આ પ્રવાસી શ્રમિકો પોતાનું અનાજ સાથે લઈ જતા હતા. પણ હવે મોટા શહેરોની કોઈ પણ એફપીએસ પરથી રાશન મેળવી શકે છે.

આંતર જિલ્લા રાશન મેળવનારા પરિવારોની પુરવઠા તંત્ર પાસેથી મળેલી સંખ્યા જોઈએ તો મોટા શહેરોમાં વધુ છે. ગત્ત જુન માસમાં અમદાવાદ શહેરમાં ૩૮૯૪, સુરતમાં ૪૨૫૬, રાજકોટમાં ૨૧૩૧, મહેસાણામાં ૨૨૪૭, વડોદરામાં ૧૯૨૯, કચ્છમાં ૧૧૮૧ પરિવારોએ રાશન મેળવ્યું હતું. ગત્ત જૂન મહિનામાં કૂલ ૩૫૨૪૭ પરિવારોએ આંતર જિલ્લા રાશનનો લાભ લીધો હતો. એનો મતલબ સ્પષ્ટ છે કે પ્રવાસી શ્રમિકો આ શહેરોમાં જઈને સરળતાથી રાશન મેળવી રહ્યા છે.

બીજી રસપ્રદ વાત એ પણ છે કે, બીજા રાજ્યના સૌથી વધુ ૯૩૭ પરિવારોએ જૂનમાં સુરતમાંથી રાશન મેળવ્યું હતું. એ બાદ અમદાવાદમાં ૨૩૭ પરપ્રાંતીય પરિવારોએ આનો લાભ લીધો હતો. રાજ્યમાં પ્રતિ માસ બે હજાર કરતા વધુ પરિવારો આંતરરાજ્ય રાશનનો લાભ લઈ રહ્યા છે. ગુજરાતમાં જિલ્લા અંદર આંતર તાલુકામાં રાશન પોર્ટેબલિટી થઈ રહી છે. ગત્ત માસમાં ૧૨૪૩૫ પરિવારોએ તેનો લાભ લીધો હતો.

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીની નેતૃત્વની ગુજરાત સરકારે બીજા રાજ્યના લોકો માટે પણ સરખી અને પ્રક્રીયા રાખી છે. એટલે રાશનકાર્ડ ધારક સસ્તા અનાજની દૂકાને જઈ માત્રપોતાની ઠમ્બ ઈમ્પ્રેશન આપી નિયત અનાજ મેળવી શકે છે. એનએફએસ કાર્ડ ધરાવતા પરિવારોને વિનામૂલ્યે રાશન મળે છે.


# દાહોદના નાના વાદરીયા ગામે સરપંચ સહિતના ૨૨ ઈસમોએ મારક હથિયારો સાથે ધિંગાણું મચાવતાં છ વ્યકિતને ઈજાઓ

દાહોદ,

દાહોદ તાલુકાના નાના વાંદરીયા ગામે જમીન સંબંધી મામલે સરપંચ સહિત ૨૨ જેટલા ઈસમોના સશસ્ત્ર ટોળાએ પોતાની સાથે લાકડી, લોખંડની પાઈપ, હોકી, કુહાડી જેવા મારક હથિયારો સાથે એક વ્યક્તિના ઘર તરફ ધસી આવી ટોળાએ ચાર મહિલા સહિત છ જણાને માર મારી શરીરે, હાથે પગે તેમજ માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચાડી લોહીલુહાણ કરી ભારે ધિંગાણું મચાવતાં પંથકમાં ભયનો માહોલ ફેલાઈ જવા પામ્યો હતો. આ સંબંધે દાહોદ તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ૨૨ ઈસમોના ટોળાના ધરપકડના ચક્રોગતિમાન કર્યા છે.

ગત તા.૧૯મી જુલાઈના રોજ નાના વાંદરીયા ગામે બારીયા ફળિયામાં રહેતો ગામનો સરપંચ ત્રમ્બીભાઈ કાળીભાઈ, સરપંચનો ભાઈ અજયભાઈ કાળીભાઈ તથા તેમની સાથેના કાળીયાભાઈ ભલાભાઈ, રાજુભાઈ કાળીયાભાઈ, દિનેશભાઈ કાળીયાભાઈ, દિપકભાઈ દિનેશભાઈ, સંદિપભાઈ દિનેશભાઈ, રાહુલભાઈ દિનેશભાઈ, રમેશભાઈ ભલાભાઈ, હડીયાભાઈ રમસુભાઈ, શંકરભાઈ સમસુભાઈ, પંકજભાઈ શંકરભાઈ, આકાશભાઈ શંકરભાઈ, કૃણાલભાઈ ઉર્ફે ગોલુભાઈ મહેશભાઈ, બીપીનભાઈ મહેશભાઈ, રાજુભાઈ સોમજીભાઈ, સુનિલભાઈ બચુભાઈ, પ્રકાશભાઈ શંકરભાઈ, લાલાભાઈ ટીકુભાઈ, ઈકેશભાઈ ટીટુભાઈ, સુનિલભાઈ છગનભાઈ અને પવનભાઈ મુકેશભાઈ તમામ જાતે બારીયાનાઓએ પોતાની સાથે લાકડી, લોખંડની પાઈપ, હોકી, કુહાડી જેવા મારક હથિયારો સાથે પોતાના ગામમાં રહેતાં જવસીંગભાઈ ભુરાભાઈ કિશોરીના ઘરે આવ્યાં હતાં અને બેફામ ગાળો બોલી કહેવા લાગેલ કે, આ જમીન અમારા બાપ દાદા બારીયાનાઓની છે અને અહીંથી તમો જતાં રહો, તેમ કહી ઉપરોક્ત તમામ જણા એકદમ ઉશ્કેરાઈ જઈ પોતાની સાથે લાવેલ હથિયારો વડે લલીતાબેન, શાંતિબેન, નંદુબેન, વિપુલભાઈ, દલાભાઈ, મનિષાબેન વિગેરેને હાથે, પગે, શરીરે તેમજ માથાના ભાગે મારી મારી ગંભીર ઈજાઓ પહોંચાડી લોહીલુહાણ કરી ભારે ધિંગાણું મચાવી ટોળી નાસી ગયું હતું. ગંભીર ઈજાગ્રસ્ત ઉપરોક્ત ચાર મહિલા સહિત છ જણાને દવા સારવાર અર્થે નજીકના દવાખાને ખસેડવામાં આવ્યાં હતાં.

આ સંબંધે નાના વાંદરીયા ગામે બારીયા ફળિયામાં રહેતાં જવસીંગભાઈ ભુરાભાઈ કિશોરીએ ઉપરોક્ત ૨૨ ઈસમોના ટોળા વિરૂધ્ધ ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.





તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી ગુજરાત રાજ્ય શાખા દ્વારા ઓક્સિજન બેંક શરૂ કરવાના ઉમદા હેતુથી ઓક્સિજન કન્સનટ્રેટર વિતરણ સમારોહ ગુજરાત રાજ્યના મહામહિમ રાજ્યપાલ દેવ વ્રત આચાર્યના અધ્યક્ષ સ્થાને યોજાયો હતો. જેમાં આરોગ્ય વિભાગના અગ્ર સચિવ મનોજ અગ્રવાલ તેમજ એન.આર.એચ.એમના મિશન ડાયરેકટર રમ્યા મોહન હાજર રહ્યા હતા. ઈન્ડીયન રેડક્રોસ સોસાયટી દાહોદ જિલ્લા માંથી કે.એલ રામચંદાની, દિનેશભાઈ શાહ, ડો. ઈકબાલ હુસેન લેનવાલા, કમલેશ લીમ્બાચીયા હાજર રહ્યા હતા. જેમાં દાહોદ જિલ્લા શાખાને પાંચ ઓકિસજન કન્સનટ્રેટર આપવામાં આવ્યા.

# લીમખેડાના નીનામાના ખાખરીયા ગામે પ્રેમ સંબંધ મામલે બે વ્યકિતને મારમારતાં ફરિયાદ

લીમખેડા,

દાહોદ જિલ્લાના લીમખેડા તાલુકાના નીનામાના ખાખરીયા ગામે બે ઈસમોએ બે જણાને રસ્તામાં રોકી સાળી સાથેના પ્રેમ સંબંધ મામલે બે જણાને લાપટો ઝાપટો તેમજ ગડદાપાટ્ટુનો માર મારી શરીરે ઈજાઓ પહોંચાડી મારી નાંખવાની ધમકી આપતાં આ સંબંધે પોલીસમાં ફરિયાદ નોંધાવા પામી છે.

ગત. તા.૧૯મી જુલાઈના રોજ લીમખેડા તાલુકાના ચેડીયા ગામે પટેલ ફળિયામાં રહેતાં કમલેશભાઈ સરતનભાઈ કટારા તથા તેની સાથે રવિન્દ્રભાઈ એમ બંન્ને જણા નીનામાના ખાખરીયા ગામેથી પસાર થઈ રહ્યાં હતાં. આ દરમ્યાન નીનામાના ખાખરીયા ગામે રહેતાં રોશનભાઈ વિનુભાઈ તથા કિશનભાઈ બાબુભાઈ બંન્ને નિનામાનાઓ કમલેશભાઈ અને રવિન્દ્રભાઈને રસ્તામાં રોકી બેફામ ગાળો બોલી રવિન્દ્રભાઈને કહેલ કે, તુ મારી સાળી સાથે કેમ પ્રેમ સંબંધ રાખે છે, તેમ કહી એકદમ ઉશ્કેરાય ગયાં હતાં અને કમલેશભાઈ અને રવિન્દ્રભાઈને લાપટો ઝાપટો મારી અને ગડદાપાટ્ટુનો માર મારી શરીરે ઈજાઓ પહોંચાડી નાસી જતાં આ સંબંધે ઈજાગ્રસ્ત કમલેશભાઈ સરતનભાઈ કટારાએ લીમખેડા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# દાહોદના રાબડાળ ગામે સગીરાનું અપહરણ કરી દુષ્કર્મ આચરતાં ફરિયાદ

દાહોદ,

દાહોદ તાલુકાના રાબડાળ ગામે એક નરાધમે એક ૧૪ વર્ષીય સગીરાનું અપહરણ કરી લઈ જઈ તેણીની મોબાઈલમાં અશ્લિલ વિડીયો બતાવી તેણીની નાદાનીનો ફાયદો ઉઠાવી તેણીની ઉપર અવાર નવાર બળાત્કાર ગુજારતાં આ સંબંધે પોલીસમાં ફરિયાદ નોંધાવા પામી છે.

ગત તા.૦૯મી જુલાઈના રોજ દાહોદ તાલુકાના વાંદરીયા ગામે રહેતો વિપુલભાઈ જવસીંગભાઈ કિશોરીએ દાહોદ તાલુકામાં રહેતી એક ૧૪ વર્ષીય સગીરાનું અપહરણ કરી લઈ ગયો હતો અને સગીરાને દાહોદ તાલુકાના રાબડાળ ગામે ગોંધી રાખી હતી. આ દરમ્યાન સગીરાને આ વિપુલભાઈ દ્વારા મોબાઈલ ફોનમાં અશ્લિલ વિડીયો બતાવી સગીરાની નાદાનીનો ફાયદો ઉઠાવી સગીરા ઉપર અવાર નવાર બળાત્કાર ગુજારતાં સગીરા ઉપરોકત યુવકના ચંગુલમાંથી છુટી પોતાના પરિવારજનો પાસે આવી ઉપરોકત ઘટનાની હકીકત પોતાના પરિવારજનોને કરતાં પરિવારજનોના પગ તળેથી જમીન સરકી ગઈ હતી અને આ સંબંધે સગીરાના વાલી વારસ દ્વારા દાહોદ તાલુકા પોલીસ મથકે વિપુલભાઈ જવસીંગભાઈ કિશોરી વિરૂધ્ધ ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 24, No. 282

# પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

## શહેરાના છોગાળા ગામ પાસે પાનમ ડેમના પટમાં આવેલ

# સરકારી જમીનમાં ગેરકાયદેસર સફેદ પથ્થરોના ખનન પર ખાણ ખનીજ વિભાગની કાર્યવાહી

શહેરા,

શહેરાના છોગાળા પાસે પાનમ ડેમના પટમા સફેદ પથ્થરના ગેરકાયદેસર ખનન પર ખાણખનીજ વિભાગે દરોડા પાડ્યા હતા. સ્થળ પરથી ખાણ ખનીજ વિભાગે ત્રણ ટ્રકો તેમજ બે જેસીબી મશીન સહિત રૂપિયા ૭૦ લાખનો મૂદ્દામાલ જપ્ત કરી વધુ કાર્યવાહી હાથધરી હતી.

શહેરા તાલુકાના ગ્રામીણ વિસ્તારમાં ગેરકાયદેસર રીતે જમીનમાંથી સફેદ પથ્થરો કાઢી બેરોકટોક હેરાફેરી થતી હોવાની વ્યાપક બૂમો ઉઠવા પામી હતી. જેને લઈને જિલ્લા ઈન્ચાર્જ ખાણ ખનીજ અધિકારી સી.એમ. પરમારના માર્ગદર્શન હેઠળ ખાણખનીજ વિભાગની ટીમે પોલીસને સાથે રાખીને છોગાળા ગામ પાસે પાનમ ડેમના પટમાં ગેરકાયદેસર રીતે સરકારી જમીનમાંથી સફેદ પથ્થરો કાઢવામાં આવી રહયા હતા. ત્યાં દરોડો પાડ્યો હતો. ખાણ ખનીજ વિભાગની ટીમે ગેરકાયદેસર સફેદ પથ્થરોના ખનન પરથી બે જેસીબી મશીન તેમજ ત્રણ ટ્રક સહિત રૂપિયા ૭૦લાખનો મૂદ્દામાલ જપ્ત કરીને કાર્યવાહી હાથધરી હતી. પાનમ ડેમના પટમાં આવેલ સરકારી જમીનમાં પાછલા કેટલાક સમયથી ગેરકાયદેસર રીતે સફેદ પથ્થરો બેરોકટોક કાઢવામાં આવી રહયા હતા. તેના પર ખાણ ખનીજ વિભાગની કાર્યવાહીના પગલે ખનીજ ચોરોમાં ભારે ફફડાટ ફેલાયો છે. ખાણ ખનીજ વિભાગ એ ગેરકાયદેસર ખનન પરથી પકડી પાડેલ બે જેસીબી મશીન અને ત્રણ ટ્રકોને તાલુકા સેવા સદન ખાતે લાવવામા આવતા મોટી સંખ્યામા સફેદ પથ્થરોનો ધંધો કરતા લોકો એકત્રિત થઇ ગયા હતા. તાલુકા પંથકના ગ્રામીણ વિસ્તારમાં સફેદ પથ્થરો ગેરકાયદેસર રીતે કાઢવામાં આવી રહયા હોવાની માહિતી સ્થાનિક તંત્રને પણ હોવા છતાં આ સામે અસરકારક કાર્યવાહી કરવામાં આવી રહી ના હતી. હવે જોવું રહ્યું કે, ખાણ ખનીજ વિભાગ અને સ્થાનિક સંબંધિત તંત્ર તાલુકામાં ખનીજ ચોરી અટકે તે માટે કેવા પ્રકારની કાર્યવાહી કરશે.





તસ્વીર : તુષાર દરજી, શહેરા

ખનીજ ચોરી કરતા ખનીજ ચોરો ખનીજ ભરેલ વાહન પર નંબર લખતા નથી. હાઈવે માર્ગ પર રોયલ્ટી પાસ વગર ખનીજ ભરીને જતી ટ્રક પૂરઝડપે નીકળતી હોય છે. પોલીસ તંત્ર આ ઉપરોક્ત બાબતને ગંભીરતા થી લઈને ખનીજ ભરીને જતી ટ્રકો પાસે જરૂરી કાગળો માગીને યોગ્ય તપાસ કરે તે પણ અત્યંત જરૂરી છે. કાટ ખાઈ ગયેલી ટ્રકોમાં સફેદ પથ્થરોની હેરાફેરી કરવામાં આવે છે. વળી તેઓ જે ટ્રકનો ઉપીયોગ કરે છે તેના વીમા હોય છે કે કેમ ?

સફેદ પથ્થરોની હેરાફેરી થતી ટ્રકોનો વીમો છે કે, નહીં તેમજ અમુક ટ્રકોની બોડી પણ તૂટી ગઈ હોવા છતાં સફેદ પથ્થર ઓવરલોડ ભરીને હાઈવે માર્ગ પરથી પસાર થતી હોવા છતાં પોલીસ સહિતનું તંત્ર દ્વારા કોઈપણ પ્રકારની કાર્યવાહી કરવામાં નહીં આવતા ખનીજ ચોરોને કોઈ ડર નહીં હોવાથી ખનીજ ચોરી તાલુકામાં વધતા સરકારી તિજોરીને નુકશાન પહોંચી રહયું છે. ત્યારે હવે પોલીસ તંત્ર તેમજ ખાણ ખનીજ વિભાગ અને અન્ય સંબંધીત તંત્ર આ સામે પોતાની નૈતિક ફરજ બજાવે તેવી લોકમાંગ ઉઠી રહી છે.

- ખાણ ખનીજ વિભાગ એ સફેદ પથ્થરોના ગેરકાયદેસર ખનન પરથી બે JCB મશીન અને ત્રણ ટ્રકો મળીને ૭૦ લાખ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો.
- સરકારી જમીનમાં પાછલા કેટલાક સમયથી સફેદ પથ્થરનું ગેરકાયદેસર ખનન.
- ખનીજ ચોરી અટકાવવા માટે ખાણ ખનીજ વિભાગ અને સબંધિત તંત્ર કાર્યવાહી કરશે.
- ખનીજ ચોરી કરતા મોટાભાગના વાહનો પર નંબર પ્લેટ હોતી નથી તેમ છતાં પોલીસ તંત્ર કાર્યવાહી કરતા નથી.

### સ્થાનિક તંત્ર નૈતિક રીતે પોતાની જવાબદારી નિભાવે તેવી લોક માંગ

શહેરા તાલુકાના છોગાળા ગામ પાસે પાનમ ડેમના પટમાં ગેરકાયદેસર સફેદ પથ્થરના ખનન પર ખાણ ખનીજ વિભાગે કાર્યવાહી કરી હતી. સફેદ પથ્થરો કાઢવામાં આવી રહ્યા હતા. તે સરકારી જમીનની માપણી કરીને ખાણ ખનીજ વિભાગ દંડ કરે તે પણ જરૂરી છે. ખનીજ ચોરી અટકે તે માટે ખાણ ખનીજ વિભાગ અને સ્થાનિક તંત્ર કડક કાર્યવાહી કરે તે જરૂરી છે.

## મોરવા(હ)ના વડોદર-ર પાટીયા પાછળ જંગલ જમીનમાં ફોરેસ્ટ વિભાગે કાર્યવાહી કરી જમીનનો કબજો મેળવ્યો

મોરવા(હ),

મોરવા હડફ તાલુકાના વાડોદર–૨ના પાટીયા પાછળ આવેલી જંગલની જમીન ખેડુત ખેડતો હતો તેના પર વન વિભાગ દ્વારા અચાનક કાર્યવાહી હાથ ધરવામા આવી હતી. વન વિભાગે ખેડુતનુ કાચુ મકાન દુર કરીને કબજો મેળવ્યો હતો. જ્યારે ખેડુત દ્વારા આ જંગલની જમીન મળી હોવાનુ રટણ કરવા સાથે ઉચ્ચકક્ષાએ રજુઆત કરનાર છે.

પંચમહાલ જીલ્લાના આદિવાસી વિસ્તાર ધરાવતા મોરવા હડફથી સંતરામપુર તરફ જવાના માર્ગ ઉપર આવેલ વાડોદર–૨ નાપાટીયા પાછળ આવેલી જંગલની જમીન ખેડુત લક્ષ્મણભાઈ માનાભાઈ ખાંટ અને તેમનો પરિવાર પાછલા કેટલાક વર્ષોથી ખેતી કરીને પોતાના પરિવારનુ ગુજરાન ચલાવતા હતા. વનવિભાગ દ્વારા થોડા દિવસ પહેલા આં જંગલની જમીન ઉપર ખેડુતનુ કાચુ મકાન જેસીબી મશીન દ્વારા તોડી પાડતા ખેડુત અને તેનો પરિવાર ભારે ચિંતામાં ગરકાવ થઈ ગયો હતો. વનવિભાગ દ્વારા બે હેકટરથી વધુ જમીન પર કબજો કરવા સાથે સંરક્ષણ દિવાલ બનાવાની કામગીરી હાથ ધરવામા આવી હતી. જયારે ખેડુત લક્ષ્મણભાઈ ખાંટ દ્વારા નસીરપુર ખાતે પાનમ જળાશયમા અમારી જમીન ડુબાણમાં જતા તે વખતે પુનઃવસવાટ માટે આ જમીન અમને આપવામા આવતા મારો પરિવાર આ જમીન પર વર્ષોથી વસવાટ કરવાની સાથે ખેતી કરી રહ્યા છે.વનવિભાગ દ્વારા અચાનક વર્ષો પછી રોડથી અડીને આવેલી જંગલની જમીન ખેડુત ખેડતો હતો.તેના પર કાર્યવાહી કરવામા આવતા હાલ તાલુકા પંથકમાં ચર્ચાનો મુદ્દો બન્યો છે.વનવિભાગ દ્વારા આ બે હેકટર કરતા વધુ જંગલની જમીન પર બામ્બો વાંસનુ પ્લાન્ટેશન કરવામા આવનાર છે. ખેડુત લક્ષ્મણભાઈ ખાંટ આં જંગલની જમીન તેમની હોવાનુ રટણ કરી રહ્યા છે.ત્યારે વનવિભાગ દ્વારા આગામી દિવસોમાં વધુ શુ કાર્યવાહી હાથ ધરશે તે જોવુ બની રહ્યુ છે.



વનવિભાગના આરએફઓ પ્રવિણભાઈ પરમાર જણાવ્યુ હતું કે, ખેડુત દ્વારા અમારી બે હેકટરથી વધારે જંગલની જમીન પર ગેરકાયેદસર રીતે કેટલાક વર્ષોથી ખેતી કરવામાં આવી રહી હતી. અમારા દ્વારા ખેડુતને આ જમીનપર ખેતી કરતા અટકાવા સાથે કાચુ ઝુપડુ દુર કરવામા આવ્યુ હતું. આ જંગલની જમીન પર બામ્બુ વાંસનુ પ્લાન્ટેશન કરવામા આવનાર છે.વનવિભાગ દ્વારા તાલુકામાં આવેલી જંગલની જમીન પર કોઈ પણ વ્યક્તિએ દબાણ કર્યુ હશે. તેની સામે નિયમોનુસાર ની કાર્યવાહી હાથ ધરાશે.

ખેડુત લક્ષ્મણભાઈ ખાંટ જણાવે છે કે, આ જંગલની જમીન વર્ષોથી અમે ખેડાણ કરવા સાથે વર્ષોથી વસવાટ કરીએ છે. થોડા દિવસપહેલા વનવિભાગ સ્ટાફ અહી આવીને અમારૂ ઝુપડુ જેસીબી મશીન દ્વારા તોડી પાડ્યુ હતું. જે ખેડુત વર્ષોથી જંગલની જમીન ખેડતો હોય તેને સરકાર દ્વારા આપવામા આવી છે. અને મારા પરિવારની જમીન વર્ષો પહેલા નસીરપુર ખાતે પાનમ જળાશયમાં ડુબાણમાં જતા અમને પુનઃવસવાટ માટે હેઠળ મળી છે.વનવિભાગ દ્વારા ખોટી રીતે આંજગલની જમીન પર કબજો જમાવી દેવામા આવ્યો છે. જમીન અમે પરત મેળવા માટે જીલ્લા કલેકટરથી લઈને વનવિભાગના ઉચ્ચ અધિકારી સુધી લેખીત અને મૌખિક રજુઆત કરનાર છે અને તેમ છતા જો પરત નહી મળે તો અમે ગાંધી ચીધ્યા માર્ગે આંદોલન કરીશુ.

## વેગનપુર નજીકથી ગ્રામજનો દ્વારા કતલ કરવાના ઈરાદે લઈ જવાતા બે પશુઓને બચાવી લીધા હતા

ગોધરા,

ગોધરા તાલુકા પોલીસમથકે જાણ કરવામાં આવી હતી કે, ગોધરા તાલુકાના વેગન પુર નજીક હાઈવે પર બ્રિજ પાસે ગ્રામજનો દ્વારા એક પશુઓ ભરેલો ટેમ્પો ઝડપી પાડવામાં આવ્યો છે અને ગ્રામજનો દ્વારા ચાલકને પણ ઝડપી પાડવામાં આવ્યો છે. જેના આધારે પોલીસ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી. જ્યાં એક ટેમ્પો ઉભો હતો અને ટેમ્પોનો ચાલક પણ ત્યાં હાજર હતો. પોલીસે ગાડીમાં તપાસ કરતા ઘાસચારો કે પાણીનો સગવડ વિના ક્રૂરતાપૂર્વક ટૂંકા દોરડા વડે બાંધેલી હાલતમાં બે નાના પાડા મળી આવ્યા હતા. પોલીસ દ્વારા પકડાયેલા ચાલકનું નામઠામ પૂછતાં તેણે પોતાનું નામ સલમાન ઈકબાલ શેખ જણાવ્યું હતું. જ્યારે તેની સાથે વાહનમાં બેસેલો અને નાશી ગયેલા ઈસમનું નામ તસ્લિમ ઈશાક દાંત જણાવ્યું હતું. પોલીસે પકડાયેલા ઈસમને પશુઓ અંગે પૂછતા તેણે જણાવ્યું હતું કે, આ પશુઓ ટુવા ગામેથી ભરાવ્યા હતા અને પશુઓ ક્યાં ઉતારવાના હતા. તે નાશી ગયેલો તસ્લીમ દાંતને ખબર છે. આમ, પોલીસ દ્વારા પશુઓ અને વાહન મળીને કુલ રૂ ૧.૦૫ લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો. જ્યારે પશુઓને પરવડી પાંજરાપોળ મોકલવાની તજવીજ હાથ ધરી હતી. આ બનાવ અંગે ગોધરા તાલુકા પોલીસમથકે બે ઈસમો સામે પશુ સંરક્ષણ સુધારા અધિનિયમ મુજબ ગુનો નોંધવામાં આવ્યો હતો.



## હાલોલ સોની બજાર હર્ષ જ્વેલર્સની દુકાન માંથી બે કડીઓ મોંમા મૂકી બે અજાણી મહિલાઓ દ્વારા ચોરી કરીતાં ફરિયાદ



તસ્વીર : નરેન્દ્ર પરમાર, હાલોલ

હાલોલ,

હાલોલ સોની બજારમાં આવેલ હર્ષ જ્વેલર્સની દુકાનમાં આવેલ બે મહિલાઓ ચુની લેવા આવી હતી. ચુનીના રૂપીચા ચુકવી દીધા હતા. જ્યારે કડીઓ બતાઓ તેમ જણાવ્યું હતું. કડીઓનું વજન કરવાનું કહીને દુકાનદાર વજન કરતા હતા. દરમ્યાન બે જોડી કડીઓ મોંમા મૂકીને ચોરી જતાં હાલોલ પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ.

પ્રાપ્ત હાલોલ સોની બજારમાં આવેલ હર્ષ જ્વેલર્સની દુકાનમાં પ્રકાશભાઈ સોનીની દુકાનમાં બે મહિલાઓ આવી હતી અને ચુની બતાવવા જણાવ્યું હતું. દુકાનદારે ચુની બતાવતા ચુની ખરીદી હતી અને રૂપીચા આપ્યા હતા. બાદમાં આ બે મહિલાઓએ કાનમાં પહેવારની કડીઓ બતાવવા જણાવ્યું હતું. કડીયો બતાવતા મહિલાઓએ કડીયોનું વજન કરવાનું કર્યું હતું. પ્રકાશ સોની કડીયોને વજન કરતા હતા. દરમ્યાન મુકેલી કડીયો માંથી બે જોડ કડીયો મોંમા મૂકી દીધી હતી અને બજારમાં જઈને આવી છીએ. તેમ જતી હતી બાદ પ્રકાશભાઈનો પુત્ર દુકાનમાં આવતાં કડીયો ઓછી હોવાનું જણાવતાં સીસટીવી ચેક કર્યા હતા. એક મહિલા કડીયો મોંમા મુકતા જણાઈ આવતાં આ બાબતે હાલોલ પોલીસ મથકે બે અજાણી મહિલા વિરૂદ્ધ અરજી આપતાં પોલીસ સીસીટીવીના આધારે મહિલાઓની તપાસ હાથ ધરી છે.

## મોરવા(હ) ખાતે ખાણીપીણીની લારી સાથે બાઈક ચાલક ઘસી આવતાં એકને ઈજાઓ



મોરવા(હ),

મોરવા હડફ ખાતે ઉભી રહેલી ખાણીપીણીની લારીમાં બાઈક ઘસી જતા એક ઈસમને ઈજા પહોંચતા સારવાર અર્થે ૧૦૮ દ્વારા લઈ જવાયા હતા. જ્યારે બાઈક ચાલક અને તેની સાથેનો વ્યક્તિ દારૂનો નશો કરેલ હોવાનુ લોકોમાં ચર્ચાઇ રહ્યું હતું. પોલીસ બનાવ સ્થળ ખાતે આવી પહોંચી હતી.

મોરવા હડફ ના બસ સ્ટેશનથી સંતરામપુર જવાના માર્ગને અડીને ખાણીપીણીની લારીઓ આવેલી છે. બુધવાર ના રોજ માર્ગ પરથી પસાર થતી પૂર ઝડપે જતી બાઈકના ચાલકે સ્ટેરીંગ પરથી કાબુ ગુમાવતા બાઈક ખાણીપીણીની લારીમાં ઘુસી જતા અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. જયારે ખાણીપીણીની લારી ચલાવતા ગણપતભાઈ બીજલ ખાંટને શરીરે ઈજા પહોંચી હોવાનું લાગતા ઈમરજન્સી સેવા ૧૦૮ દ્વારા સારવાર માટે નજીકના દવાખાનામાં લઈ જવાચા હતા.તેમજ જે બાઈકથી અકસ્માત થયો હતો. તે બાઈક ચાલક અને પાછળ બેઠેલ વ્યક્તિ નશામા હોવાનુ બનાવ સ્થળ ખાતેથી જાણવા મળેલ હતું. જાગ્રુત રાહદારી દ્વારા બનેલા બનાવની જાણ પોલીસને કરવામા આવતા સ્થાનિક પોલીસ મથકનો સ્ટાફ સ્થળ ખાતે દોડી આવીને બાઈક ચાલક અને તેની પાછળ બેઠેલ ને પોલીસ મથક ખાતે લઇ જઈને જરૂરી કાર્યવાહી હાથધરી હતી. મોરવા હડફ થી સંતરામપુર જવાના માર્ગ પર વાહનોની સતત અવર જવર રહેવા સાથે ટ્રાફિક પણ રહેતો હોય છે. ત્યારે બનેલા આ બનાવને જોતા નશો કરીને વાહન ચલાવતાઓ સામે પોલીસ તંત્ર હવે કેવા પ્રકારની કાર્યવાહી કરશે તે જોવુજ બની રહ્યુ છે.

## હોટેલો, ધર્મશાળાઓ, ગેસ્ટ હાઉસ, પેટ્રોલ પંપો સહિતના સ્થળોએ CCTV કેમેરા ગોઠવવા ફરજિયાત અધિક જિલ્લા મેજિસ્ટ્રેટે બહાર પાડેલ જાહેરનામુ

ગોધરા,

અસામાજિક અને ગુનાકીય પ્રવૃતિમાં સંડોવાયેલા તત્વો દ્વારા રોકાણ માટે હોટેલો, ગેસ્ટ હાઉસ, ધર્મશાળા સહિતના જાહેર સ્થળોના ઉપયોગ પર નિયંત્રણ લેવા તેમજ સઘન દેખરેખ રાખવા પંચમહાલ અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ એમ.ડી. ચુડાસમા (જી.એ.એસ.) દ્વારા ફોજદારી કાર્યરીતિ અધિનિયમ–૧૯૭૩ની કલમ–૧૪૪ અન્વયે મળેલ સત્તાની રૂએ જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે. આ જાહેરનામા અંતર્ગત જિલ્લામાં આવેલ હાઈ–વે પરની તમામ હોટેલો, ધર્મશાળાઓ, પેટ્રોલ પંપો, ટોલ પ્લાઝાઓ, હોટેલ–ગેસ્ટહાઉસ, મોટા રેસ્ટોરન્ટ, બેન્કિંગ સંસ્થાઓ, એ.ટી.એમ. સેન્ટરો, મલ્ટીપ્લેક્ષ થિયેટરો, લોજિંગ–બોર્ડિંગ, સોના–ચાંદીની દુકાનો, કોમર્શિયલ સેન્ટરો જેવા સ્થળોએ સંબંધિત માલિકો, ટ્રસ્ટીઓ, વહીવટકર્તાઓ દ્વારા સી.સી.ટી.વી કેમેરાની વ્યવસ્થા કરવાની રહેશે. આ કેમેરા નાઈટવિઝન (હાઈડિફિનીશન) પ્રકારના, રેકોર્ડિંગ સિસ્ટમની વ્યવસ્થા સાથે અને ઉભેલા વાહનનો રજિસ્ટ્રેશન નંબર સ્પષ્ટ રીતે દેખાય તેમજ વાહન ચાલક અને તેની બાજુમાં બેઠેલ વ્યક્તિનું, આ સ્થળોએ અવરજવર કરતા વ્યક્તિઓનું સ્પષ્ટ વિડીયો રેકોર્ડિંગ થઈ શકે તે રીતે ગોઠવવાના રહેશે. જાહેરનામા અનુસાર ઓછામાં ઓછા ૧૫ દિવસનો સી.સી.ટી.વી. રેકોર્ડિંગ ડેટાનો સંગ્રહ રાખવો ફરજિયાત છે. બહારના ભાગે તમામ પાર્કિંગની તમામ જગ્યાઓ, રીસેપ્શન સેન્ટર, લોબી, બેઝમેન્ટ તથા જાહેર પ્રજા માટે જ્યાં પ્રવેશ હોય ત્યાં તમામ જગ્યાઓનું સંપૂર્ણ કવરેજ થાય તે રીતે કેમેરા ગોઠવવાના રહેશે. હુકમની તારીખથી બે માસ સુધી આ હુકમ અમલમાં રહેશે. આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ–૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

## પંચમહાલ જિલ્લામાં જુની સાઈકલો-વાહનોની લે-વેચ કરનારે રજિસ્ટરની ફરજિયાત નિભાવણી કરવાની રહેશે

ગોધરા,

બોમ્બ બ્લાસ્ટ અને ભાંગફોડ સહિતની અસામાજિક પ્રવૃતિઓ માટે જૂની સાયકલો–વાહનોનો ઉપયોગ થતો અટકાવવા પંચમહાલ જિલ્લાના અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ એમ.ડી. ચુડાસમા (જી.એ.એસ.) દ્વારા ફોજદારી કાર્યરીતિ અધિનિયમ ૧૯૭૩ની કલમ–૧૪૪ અંતર્ગત મળેલ સત્તાની રૂએ જૂની સાયકલ–વાહનોની લે–વેચ કરનાર વ્યક્તિઓ માટે ખરીદનાર–વેચનારની વિગતો ધરાવતા રજિસ્ટરની ફરજિયાત નિભાવણી કરવા અંગેનું જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે.

આ જાહેરનામા અનુસાર રજિસ્ટરમાં વેચનારનું નામ–સરનામું અને વાહન વેચવાનું કારણ, ખરીદનારનું પૂરૂ નામ–સરનામું, મોબાઈલ નંબર, ખરીદનારની ઓળખ અને રહેઠાણના પુરાવાની વિગત, જુનુ વાહન ખરીદવા માટેનું કારણ અને તારીખ, તેમજ વાહનના એન્જિન, ચેસીસ નંબર, મોડેલ અને રજિસ્ટ્રેશન નંબરની વિગતો ધરાવતી ઝેરોક્ષ સહિતની વિગતો રાખવી ફરજિયાત છે. આ ઉપરાંત, વાહન વેચાણકર્તાએ ખરીદનાર પાસેથી ઓળખનો એક પુરાવો મેળવી તેને ફરજિયાત બિલ આપવાનું રહેશે અને સ્થળપ્રત પોતાના કબજામાં રાખવાની રહેશે. બિલમાં ખરીદનારના નામ–સરનામું, સંપર્ક નંબર તેમજ વેચાણ બિલમાં વાહનની વિગત લખવાની રહેશે. આ જાહેરનામાનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતની કલમ–૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે. આ જાહેરનામાનો અમલ હુકમ તારીખથી બે માસ સુધીનો રહેશે.

## ગોધરા ખાતે ઓનલાઈન ઈન્ટરવ્યુ માર્ગદર્શન તાલીમ શિબિરનું આયોજન કરાશે

ગોધરા,

ગુજરાત રાજયમાં કેળવણી પામેલ યુવક–યુવતીઓને શૈક્ષણિક લાયકાત અનુસાર સરકારી, અર્ધસરકારી કે બિન સરકારી ખાનગી સંસ્થાઓમાં નોકરી માટે લેખિત તેમજ મૌખિક કસોટી એટલે કે ઈન્ટરવ્યુ આપવાનો હોય છે. જેની પૂર્વ તૈયારી માટે પંચમહાલ જિલ્લા યુવા વિકાસ અધિકારીની કચેરી દ્વારા ઓનલાઈન ઈન્ટરવ્યુ માર્ગદર્શન તાલીમ શિબિર વેબીનારના માદ્યમથી યોજવાનું આયોજન કરવામાં આવ્યું છે. આ શિબિરમાં ભાગ લેવા ઈચ્છતા ધરાવતા યુવક–યુવતીઓએ પોતાના નામ, સરનામા, શૈક્ષણિક લાયકાત તેમજ મોબાઈલ નંબરની વિગતો તા. ૨૮/૦૭/૨૦૨૧ના સાંજે ૬.૦૦ કલાક સુધીમાં જિલ્લા યુવા વિકાસ અધિકારીની કચેરી, રૂમ નં. ૩૫ પહેલો માળ–બહુમાળી ભવન–ગોધરા ખાતે અથવા મોબાઈલ નંબર ૬૩૫૩૯૩૫૬૫૭ પર વ્હોટ્સએપ કરવાનું આ યાદીમાં જણાવાયું છે. આ શિબિરનું આયોજન સંભવિતપણે ઓગસ્ટ માસમાં કરવામાં આવશે, જેમાં ગુજરાતના નિષ્ણાંત વ્યાખ્યાતાઓ દ્વારા માર્ગદર્શન આપવામાં આવશે તેમ જિલ્લા યુવા વિકાસ અધિકારીની અખબારી યાદીમાં જણાવાયું છે.